# નવી સભ્યતા ! નવી સભ્યતા?

--કનક રાવળ

હવે તો ખબર નથી પણ એક જમાનામાં ભારતની રેલગાડીઓ ત્રણ પ્રકારની હતી. ૧. પેસેંજર, ૨. માલગાડી કે ભારખાનું અને ૩. મિક્સ્ડ. પહેલી બે તો સમજ્યા; પણ ત્રીજી મીક્સ્ડ ગાડીને મનમોજીલી કહેવાય. તેનો ઉપડવાનો સમય નક્કી પણ જવાને સ્થાને ક્યારે પહોંચશે તે કહેવાય નહીં. જતી વખતે ઘડીયાળના કાંટા ગાડીને લીલી ઝંડી બતાવે; પણ પહોંચતે ટાણે ગાડી ઘડીયાળને લાલ ઝંડી બતાવે! આનું કારણ એ કે મીક્સ્ડ ગાડીમાં આગળ માલના ડબ્બા રહેતા અને પાછળ ઉતારુઓના. દર સ્ટેશને માલના ડબ્બા છોડાય અને નવા ડબ્બા જોડાય. આ હેરાફેરીમાં કેટલો વખત જાય તે હરી જાણે. આ દરમ્યાન ગાડી નાખી હોય સાઈડીંગમાં ! ગાડી રોકાઈ હોય તે દરમ્યાન ગાર્ડમાસ્ટર એક ઉંઘ ખેંચી લે કે ગામમાં દીકરીનું સાસરું હોય તો જમાઈને ઘરે પુજાપાઠ-ભોજન પતાવીને પછી લીલી ઝંડી બતાવે ત્યારે ગાડી આગળ ચાલે.

પરીણામે ગાડી ટરમીનસ પહોંચે ત્યારે પહોંચે! પણ ઉતારુઓને આ બાબત કોઈ ઈતરાજ નહિ. તેમને તો આગગાડી એક પંખીનો મેળો. વહેલા કે મોડા ઘરે પહોંચવાનું જ છે તો શું ખાટુંમોળું થઈ ગયું?

હમણાં એક મીત્રનો ઘણા વરસે ફોન આવ્યો ત્યારે જુની રેલગાડીની વાત યાદ આવી ગઈ. મારા મીત્ર પ્રીયસ્મરણભાઈ (સૌજન્ય ખાતર નામ બદલ્યું છે) સામાજીક પ્રવૃત્તીમાં ઘણા હરતા ફરતા રહે અને અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા પણ છે. પરીણામે તેમના ફોનની ઘંટડી ચોવીસ કલાક ચાલુ જ હોય. જો કે 'ઘડીની નવરાશ નહીં અને પાઈની પેદાશ નહીં ' કે 'ટકો લે ; પણ મને ગણ' તે બન્ને કહેવતો તેમને આબાદ રીતે લાગુ પડે.

' અરે દોસ્ત, કેટલા દીવસથી તને યાદ કરુ છું ; પણ લોકો ક્યાં જંપવા દે છે? બોલ તારી તબીયત ..'નું વાક્ય પુરું થાય ત્યાં જ તેમના ફોન પર 'બીપ..બીપ' શરૂ થયું. 'જોને, બીજો ફોન આવે છે, બે મીનીટ થોભી જા..'. અને મને 'હલો' કહેવાની તક મળે તે પહેલાં તેમણે મને હોલ્ડ પર મુકી દીધો.

હું પણ ફોન પકડીને ઘડીયાળ જોતો ઉભો રહ્યો. તેમની બે મીનીટ તો બે કલાક જેવી લાગી!

ફરી તેમનો અવાજ સંભળાયો, 'સોરી દોસ્ત, બોલ તારા ખબર આપ. ભાભી મજામાં? તેમની બ્રીજ ક્લબ કેમ ચાલે..?નું વાક્ય પુરું થાય તે પહેલાં, 'સોરી, લંડનથી ફોન આવે છે. મીનીટમાં પતાવી દઉં', કહીને મને ફરી હોલ્ડ પર મુકી દીધો! મેં હાશ કરી, કે આ વખતે બે મીનીટને બદલે એક જ મીનીટ રાહ જોવાની !

પણ આ વખતે પાંચ કલાક જેવી લાંબી લાગતી પાંચ મીનીટ માટે તેમણે મને લટકતો રાખ્યો. જો કે તેટલી વારમાં હનુમાન ચાલીસા મનમાં પુરા થઈ ગયા.

ફરી ત્રીજી વાર પ્રીયસ્મરણભાઈ ફોન પર આવ્યા અને ફરી વાર તે જ રામાયણ. આ વખતે મેં મારા કમ્પ્યુટર પર સોલીટેરની રમત ગોઠવી રાખી હતી. તે રમવામાં વખત હળવાશથી પસાર થશે તેમ માનીને.

પણ મેં હવે મારો વીચાર બદલ્યો, એક અમેરીકન કહેવત યાદ આવી. તે અમેરિકન કહેવત છેઃ 'થ્રી સ્ટ્રાઈક્સ એન્ડ યુ આર આઉટ'-'Three strikes and you are out' ત્રણ દાવ હારો તો રમતમાંથી બાતલ! મેં તરત જ ફોન નીચે મુકી દીધો. તે આજની ઘડી ને કાલનો દી'! તમને ખ્યાલ આવ્યો કે?

આ સુપરફાસ્ટ ટ્રેનના જમાનામાં હું હજી મીક્સ્ડ ગાડીનો ખુદાબક્ષ મુસાફર હતો. મારી ગાડી હર સ્ટેશને સાઈડીંગમાં ધકેલાતી હતી. મારા મિત્રના મનમાં મારી જગ્યા થર્ડ ક્લાસની હતી અને હું 'હોલ્ડ બટન'ના લાગનો હતો-ટેલીફોનના સાઈડીંગ યાર્ડમાં!

--કનક રાવળ, પોર્ટલેન્ડ, ઓરીગોન, અમેરીકા (eMail : kanakr@yahoo.com )

કનક રાવળ



## લેખક-પરીચય

૧૯૩૦માં જન્મેલા કનકભાઈ રાવળનું બી.ફાર્મ. સુધીનું ભણતર અમદાવાદમાં થયું. એમએસ અને પીએચ.ડી તેમણે અમેરીકામાં કર્યું. વ્યવસાયે ભેષજ (Pharmaceutical technologist) તરીકે તેમણે ભારતમાં અને અમેરીકામાં, જાણીતી ઔષધનીર્માણ સંસ્થાઓના સંશોધન વીભાગોમાં ઉચ્ચપદે કામગીરી કરી.

હાલ પોર્ટલેન્ડ, ઓરીગોન, અમેરીમાં પત્ની ભારતીબહેન સાથે નીવૃત્તી માણે છે.

ગુજરાતના કલાગુરુ અને કલામાસીક 'કુમાર'ના સ્થાપક સ્વ. રવીશંકર રાવળના સુપુત્ર કનકભાઈ વાચન, લેખન, રંગભુમી, પ્રવાસ, સંગીત, ચીત્રકામ, ફોટોગ્રાફી અને વાર્તાલાપોના રસીયા છે. એમની પાસેથી ઉત્તરોત્તર ઉત્તમ કૃતીઓ આપણને મળતી રહેશે એવી આશા..

--હરનીશ જાની **અને** ઉત્તમ ગજ્જર

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ **શ્રી. મહેન્દ્ર શાહ** દરેક 'સન્ડે ઈ- મહેફીલ ' માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. તો માણીએ એમનું કાર્ટુન **'ઘરે નથી..'**. ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




"સન્ડે ઈ-મહેફીલ" -- વર્ષ : બે -- અંક : ૫૮ -- જુલાઈ ૧૬, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

'વીજયા ફોન્ટ'માં અને 'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : uttamgajjar@hotmail.com

Address:
**Harnish Jani,** 4-Pleasant Drive, **Yardville-**NJ-08620-USA
Phone-**609-585-0861**
**eMail** : harnish5@yahoo.com